તારી દરેક ઈચ્છાઓ પૂરી કરવામાં આવશે અને તેની સાથે તેના જેટલી બીજી ઈચ્છાઓ પણ પુરી કરવામાં આવશે

અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે કે અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «જન્નતમાં તમારા માંથી સૌથી નીચો દરજ્જો પ્રાપ્ત કરનાર જન્નતી વ્યક્તિની સ્થિતિ એવી હશે કે અલ્લાહ તેને કહેશે: તું તારી ઈચ્છાઓ જાહેર કર, તે પોતાની દરેક ઈચ્છાઓ જાહેર કરશે, પછી તેને કહેવામાં આવશે કે તારી દરેક ઈચ્છા પૂરી થઈ ગઈ? તે કહેશે: હા, અલ્લાહ તઆલા તેને કહેશે: તારી દરેક ઈચ્છાઓ પૂરી કરવામાં આવશે અને તેની
સાથે તેના જેટલી બીજી ઈચ્છાઓ પણ પુરી કરવામાં આવશે». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ જણાવી રહ્યા છે કે જન્નતમાં છેલ્લા દરજ્જાના વ્યક્તિને કહેવામાં આવશે, તું ઈચ્છા કર, તે પોતાની ઈચ્છા જાહેર કરશે, અહીં સુધી કે તે પોતાની દરેક ઈચ્છાઓ જાહેર કરશે, એક પણ ઈચ્છા તેની બાકી નહીં રહે, તેને કહેવામાં આવશે: શુ તારી ઈચ્છા પૂરી થઈ ગઈ? તે કહેશે: હા, તેને કહેવામાં આવશે: જેટલી તે ઈચ્છા કરી તે બધી જ પુરી કરવામાં આવશે અને તેની સાથે સાથે બીજી ઈચ્છાઓ પણ.

http://sunnah.global/hadeeth/gu/show/8342